T

-૧૯।૦૨

કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ
હસ્તકની પેટ્રોગ્રાફી અને મીનરલ કેમીસ્ટ્રી
પ્રયોગશાળાને રેફરલ કક્ષાની કરવા તથા
N.A.B.L. ની માન્યતા પ્રાપ્ત કરવા અંગે.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૦૫-૪૩૨૭-છ
સચિવાલય, ગાંધીનગર.
તા. 21 NOV 2005

**આમુખઃ-**

રાજય સરકારે જાહેર ખનિજ નીતિ-૨૦૦૩માં ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાની પેટ્રોગ્રાફી અને મીનરલ કેમીસ્ટ્રી પ્રયોગશાળાને વ્યવસાયલક્ષી બનાવવા માટે પ્રયોગશાળામાં રેફરલ કક્ષાની સવલતો ઉભી કરવાનું નકકી કરવામાં આવેલ છે તેમજ, આ અન્વયે નેશનલ એકેડીએશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન લેબોરેટરીઝની, આ પ્રયોગશાળાએ માન્યતા પણ મેળવી લેવાની રહે છે.

**ઠરાવઃ-**

રાજય સરકારે પ્રસિધ્ધ કરેલ ખનિજનીતિ-૨૦૦૩માં જાહેર ઉદેશ્યને પરિપૂર્ણ કરવાના ભાગ રૂપે, કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કચેરી ગાંધીનર હસ્તકની, હાલમાં કાર્યરત પેટ્રોગ્રાફી અને મીનરલ કેમીસ્ટ્રી લેબોરેટરીનું સોસાયટીના સ્વરૂપમાં રૂપાંતર કરવાની આથી સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવે છે. આ સોસાયટીમાં નીચે મુજબના સભ્યો રહેશે.

| ક્રમ | સભ્યોની વિગત | હોદો |
|---|---|---|
| ૧ | ચેરપર્સન કમ મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત ખનિજ વિકાસ નિગમ | ચેરપર્સન |
| ૨ | કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ | સભ્ય સચિવશ્રી |
| ૩ | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પાવર કોર્પોરેશન | સભ્યશ્રી |
| ૪ | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કોર્પોરેશન | સભ્યશ્રી |
| ૫ | અન્ય જાહેર સાહસ ઉપક્રમોના પ્રતિનિધિ | કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ, જે નકકી કરે તે મુજબ |
| ૬ | ખાનગી કું. ના પ્રતિનિધિ | કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ, જે નકકી કરે તે મુજબ |

પ્રથમ તબકકે, આ સોસાયટી એટલે કે લેબોરેટરી અંગે થતા મુડી ખર્ચ, રાજય સરકાર ૮૫ ટકા, ૭૦ ટકા અને ૫૫ ટકા પ્રમાણે અનુક્રમે પ્રથમ ત્રણ વર્ષ દરમિયાન તબકકાવાર ભોગવશે. જયારે, ચોથા અને પાંચમાં વર્ષ દરમિયાન મૂડી ખર્ચ ૫૫ ટકા પ્રમાણે રાજય સરકાર ભોગવશે. પાંચ વર્ષ બાદ, રાજય સરકાર આ મુડી ખર્ચ આપવાનું બંધ કરશે.

સોસાયટી પોતાને યોગ્ય જણાય તેવા નિષ્ણાત સલાહકારની, સોસાયટીના ધંધાના વિકાસ શકયતા અભ્યાસ કરાવવા સારુ શરતો અને બોલીઓ નકકી કરીને નિમણૂક કરી શકશે. આ હેતુ માટે સોસાયટી ઇચ્છે તો G.M.I.A. ની મદદ લઇ શકશે.

નિષ્ણાત સલાહકાર આ પ્રયોગશાળાના હયાત સ્ટાફ અંગે સમીક્ષા કરશે, જે અન્વયે ફાજલ થનાર સ્ટાફનો સમાવેશ કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરીમાં કરવાનો રહેશે.

સોસાયટીના ધંધાકીય વિકાસ અને હિત ધ્યાને લઇને, સોસાયટી તેને અનુરૂપ શરતો અને બોલીઓ નિયત કરશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રફુલ હર્ષ)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**નકલ રવાના:-**

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી(ઉ.ખા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ચેરપર્સન કમ મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત મીનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન, અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પાવર કોર્પોરેશન, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઔદ્યોગિક પાવર કોર્પોરેશન, વડોદરા
- ગુજરાત મીનરલ ઇન્ડસ્ટ્રી એસોશીએશન માર્બલ અને મીનરલ ચેમ્બર્સ, ડી.કે. હાઉસ પાછળ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦ ૦૦૬
- કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી/ઉપસચિવશ્રી(સેવા), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, છ૧ અને ડ૧ શાખા, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પસંદગી ફાઇલ

ISSUED
Date 21 NOV 2005
Signature

HASMUKH